# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું ભારત આધુનિક વિકાસના માર્ગ પર અગ્રેસર – આતંકવાદીઓને પણ કડક સંદેશ આપ્યો.**

2) **સમગ્ર દેશ આવતીકાલે 80મો સ્વતંત્રતા દિવસ ઉજવશે- પ્રધાનમંત્રી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધશે.**

3) **સ્વતંત્રતા દિવસ પર દિલ્હી મેટ્રોની સેવાઓ સવારે 4 વાગ્યે તમામ ટર્મિનલ સ્ટેશનોથી શરૂ થશે.**

4) **વસ્તી ગણતરી 2027 માટે સરકારે 40 પ્રશ્નોની યાદી જાહેર કરી.**

5) **ભૂકંપ પ્રભાવિત કોલંબિયાને ભારતે 20 મેટ્રિક ટન રાહત સામગ્રી મોકલી.**

6) **FIBA અંડર-18 એશિયા પુરુષ બાસ્કેટબોલ કપમાં આજે ભારત અને જાપાન વચ્ચે મુકાબલો.**

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PREZ- ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું ભારત આધુનિક વિકાસના માર્ગ પર અગ્રેસર છે. 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરતાં તેમણે કહ્યું, દેશ વિકસિત ભારત 2047ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું આજે ભારતમાં કોઈ પણ વ્યક્તિ સપનું જોવે છે અને તેને પૂરું પણ કરે છે. તેમણે ઉમેર્યું, દરેકમાં મહિલાઓની ભાગીદરી વધી રહી છે.

(BYTE : PRESIDENT - WOMEN)

સુશ્રી મુર્મુએ ભારતના વ્યાપક ડિઝિટલ માળખા પર પણ ભાર આપ્યો.

(BYTE : PRESIDENT – DIGITAL)

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આતંકવાદી અને તેનું સંરક્ષણ કરનાર દેશને કડક જવાબ અપાશે.

# PM - INDEPENDENCE DAY (V/C)

સમગ્ર દેશ આવતીકાલે 80મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી ઉજવણીનું નેતૃત્વ કરશે. ભારતીય વાયુસેનાના બે Mi-17 હેલિકોપ્ટર દ્વારા સ્થળ પર પુષ્પવર્ષા કરવામાં આવશે. રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે 21 તોપોની સલામી પણ આપવામાં આવશે. પુષ્પવર્ષા પછી, પ્રધાનમંત્રી લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કરશે. સાંભળીએ એક અહેવાલ..

(V/C: DIPENDRA)

*लाल किले में होने वाले इस समारोह में पहली बार वंदे मातरम का सामूहिक गायन किया जाएगा, इसके बाद राष्ट्रगान होगा। यह भव्य कार्यक्रम राष्ट्रीय गीत वंदे मातरम की 150 साल पुरानी गौरवशाली विरासत को याद करने और वर्ष 2047 तक विकसित भारत के निर्माण में युवा शक्ति की ऊर्जा, आकांक्षाओं और महत्वपूर्ण योगदान का उत्सव मनाने के लिए आयोजित किया जा रहा है। इस समारोह में सेना, नौसेना और वायु सेना के करीब ढाई हजार कैडेट और माई भारत के स्वयंसेवक हिस्सा लेंगे। इस समारोह में देश के अलग-अलग क्षेत्रों से करीब 5000 विशेष अतिथियों को भी लाल किला में आमंत्रित किया गया है। इनमें पीएम विश्वकर्मा योजना के कारीगर, पीएम मुद्रा योजना की महिला उद्यमी, पीएम स्वनिधि योजना के रेहड़ी पटरी वाले और भारत टैक्सी के टैक्सी चालक शामिल हैं। दिल्ली पुलिस ने समारोह को लेकर सुरक्षा के व्यापक इंतजाम किए हैं। विभिन्न सुरक्षा एजेंसियों के करीब 15,000 जवानों को तैनात किया गया है और 1,000 सीसीटीवी कैमरे लगाए गए हैं। इसके अलावा देशवासियों में देशभक्ति की भावना को बढ़ाने के लिए देश भर में 343 प्रमुख स्थानों पर बैंड प्रस्तुतियां भी आयोजित की जा रही हैं। दीपेन्द्र कुमार, आकाशवाणी समाचार, दिल्ली*

# I DAY - DELHI METRO

સ્વતંત્રતા દિવસ પર સવારે 4 વાગ્યે દિલ્હી મેટ્રોની સેવાઓ તેના તમામ ટર્મિનલ સ્ટેશનોથી શરૂ થશે. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન-DMRC એ જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હાજરી આપનારા ખાસ મહેમાનો, આમંત્રિતો અને સામાન્ય લોકોની અવરજવરને સરળ બનાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. DMRC એ જણાવ્યું હતું કે નિયમિત આવક સેવાઓ શરૂ ન થાય ત્યાં સુધી મેટ્રો સેવાઓ દિવસના નિર્ધારિત સમયપત્રક મુજબ, બધી લાઇનો પર 30 મિનિટની ફ્રીક્વન્સી પર કાર્યરત રહેશે. લાલ કિલ્લા, જામા મસ્જિદ અને દિલ્હી ગેટ મેટ્રો સ્ટેશનો સ્વતંત્રતા દિવસ ઉજવણી સ્થળના સૌથી નજીકના સ્ટેશનો છે.

# PREZ-ARTISANS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય ભોપાલના કલાકારો, દક્ષિણ મધ્ય ઝોન સાંસ્કૃતિક કેન્દ્ર અને સંગીત નાટક અકાદમીના કલાકારોના જૂથ સાથે વાતચીત કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આ કલાકારોની કલાકૃતિઓ આવતીકાલે રાષ્ટ્રપતિ ભવનમાં સ્વતંત્રતા દિવસના સ્વાગત સમારંભમાં પ્રદર્શિત કરવામાં આવશે.

# PREZ-AMRIT UDYAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનના પરિસરમાં અમૃત ઉદ્યાન ઉનાળુ વાર્ષિક સંસ્કરણ 2026 ના ઉદ્ઘાટનમાં હાજરી આપી. અમૃત ઉદ્યાન રવિવારથી આવતા મહિનાની 15મી તારીખ સુધી સામાન્ય લોકો માટે ખુલ્લું રહેશે. બગીચો સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી ખુલ્લો રહેશે, જેમાં છેલ્લી એન્ટ્રી સાંજે 5 વાગ્યે થશે. જાળવણી માટે ઉદ્યાન બધા સોમવારે બંધ રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TIRANGA YATRA

મહારાષ્ટ્રના મુંબઈ, નાગપુર, સાંગલી તેમજ રત્નાગિરીમાં તિરંગા યાત્રા યોજાઇ, જેમાં વિદ્યાર્થીઓ, NCC કેડેટ્સ તેમજ જાહેર પ્રતિનિધિઓએ ભાગ લીધો. તો યવતમાલમાં 250 ફૂટ લાંબા અને મિરાજમાં 150 ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા યાત્રા યોજાઇ.

બીજી તરફ ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ અગરતલામાં આયોજિત તિરંગા યાત્રામાં જોડાઈને નાગરિકોને, ખાસ કરીને ઝેન ઝી યુવાનોને રાષ્ટ્રધ્વજની ગરિમા જાળવી રાખવા અને ભાગલાના પીડાદાયક ઇતિહાસને યાદ રાખવા અપીલ કરી.

**(MUSIC ..... HAR GHAR TIRANGA)**

# HOME AFFAIRS - CENSUS

ગૃહ મંત્રાલય હેઠળના ભારતના રજિસ્ટ્રાર જનરલની કચેરીએ 2027 ની વસ્તી ગણતરી માટે પરિવાર અનુસૂચિ માટે પ્રશ્નાવલીને સૂચિત કરી છે. પ્રશ્નાવલીમાં 40 પ્રશ્નોની યાદી છે. જેમાં માતાપિતાની વિગતો, આધાર, મોબાઇલ નંબર, બેંક ખાતાઓની કુલ સંખ્યા, કાર્યસ્થળની મુસાફરી, ધર્મ અને જાતિનો સમાવેશ થાય છે. વસ્તી ગણતરી શાસન વ્યવસ્થા માટે એક મહત્વપૂર્ણ સાધન છે, જે આગામી દાયકા માટે ભારતના વિકાસ આયોજન માટે પાયો પૂરો પાડે છે. છેલ્લી વસ્તી ગણતરી 2011 માં હાથ ધરવામાં આવી હતી.

# DAY UTTARAKHAND TUNNEL ACCIDENT

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી આજે ચમોલી જિલ્લાના પીપલકોટી વિસ્તારમાં સુરંગ દુર્ઘટના સ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓને બાકીના ફસાયેલા કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો. તેમણે જિલ્લા હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી અને ઘાયલોની તબિયત વિશે પૂછપરછ કરી હતી.

***(BYTE - PUSHKAR SINGH DHAMI)***

*जो यहाँ पर घटना हुई है, उसके कारण से जो अनुमान यहाँ पर बताया गया कि 22 लोग कुल काम कर रहे थे, इसमें से तीन लोगों को छोड़ के बाकी सभी लोग रेस्क्यू हो गए हैं, पर जो गंभीर रूप से घायल हैं, उनको यहाँ एडमिट किया गया है अस्पताल में और कुछ लोगों के लिए बेस में भी बात की गई है कि बेस अगर जिनको भेजना है, बेसमेंट में भेजा जाएगा, और एम्स ऋषिकेश में भी सारी व्यवस्थाएं वहां की गई हैं, यहाँ पर बचाव के लिए और खोजबीन के लिए सभी प्रकार की एजेंसियां यहाँ पर हैं, हमारा प्रयास है कि सभी को जल्दी से जल्दी निकाला जाए*

આ દુર્ઘટનામાં સાત લોકોના મોત થયા છે. NDRF, SDRF, ITBP, પોલીસની ટીમો, તેમજ અન્ય ટેકનિકલ અને નિષ્ણાત ટીમો રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલી છે.

# INDIA- COLOMBIA SUPPORT

ભૂકંપ પછીના પુનર્વસન પ્રયાસોને ટેકો આપવા માટે ભારતે કોલંબિયાને 20 મેટ્રિક ટન રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો મોકલ્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે આ સહાયમાં દવાઓ અને તબીબી ઉપકરણો, કામચલાઉ આશ્રય અને સ્વચ્છતા સહાય અને આપત્તિ પછી જરૂરી અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું હતું કે ભારત આ મુશ્કેલ સમયમાં કોલંબિયાના લોકો સાથે એકતામાં ઉભું છે.

# RAJNATH SINGH-DEFENCE CWG

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં 8 સુવર્ણ, 7 રજત અને એક કાંસ્ય સહિત 16 ચંદ્રક જીતનાર ભારતીય સેનાના ટુકડીના સભ્યો સાથે વાતચીત કરી. આ પ્રસંગે, સંરક્ષણ મંત્રીએ ભારતીય સંરક્ષણ દળોની મજબૂત ઇચ્છાશક્તિ અને દ્રઢ વિશ્વાસની પ્રશંસા કરી કે તેમણે શારીરિક અને માનસિક દબાણને દૂર કરીને આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમમાં રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ખેલાડીઓ લોકો માટે, ખાસ કરીને યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત છે, કારણ કે તેઓ સૈનિક અને ચેમ્પિયનનું સંપૂર્ણ મિશ્રણ છે.

# FIBA U-18 ASIA CUP

ગુજરાતનાં અમદાવાદમાં ચાલી રહેલા FIBA અંડર-18 એશિયા પુરુષ બાસ્કેટબોલ કપનો આજે બીજો દિવસ છે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે પ્રથમ મુકાબલામાં ચીને શ્રીલંકાને 103-55થી હરાવ્યું. જ્યારે બીજા મુકાબલામાં કતાર સામે ઈરાનનો 94-69થી વિજય થયો. આજે રમાયેલા ત્રીજા મુકાબલામાં કોરિયાએ કઝાખિસ્તાનને 95-68 થી હરાવ્યું છે. આજે ભારત જાપાન સામે પોતાની પ્રથમ મેચ રમી રહ્યું છે.

આગામી 23મી ઑગસ્ટ સુધી યોજાનાર આ સ્પર્ધામાં 16 દેશના ખેલાડીઓ ભાગ રહ્યા છે.